## નોંધપાત્ર ચરિત્રનિબંધો : 'નહિ વીસરાતા ચહેરા' | મનસુખ સલ્લા

['**નહિ વીસરાતા ચહેરા**' : પ્રફુલ્લ રાવલ, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૯, પૃ. ૧૮૪+૮, કિં. : રૂ. ૧૧૦/-

ચરિત્રનિબંધમાં ગંભીરતાથી કામ પાડતા લેખકોમાં પ્રફુલ્લ રાવળ નોંધપાત્ર છે. તેમની પાસે વિગતો એકઠી કરવાનો પુરુષાર્થ છે, તેનું મૂલ્યાંકન કરવાની દૃષ્ટિ છે અને વ્યક્તિત્વને ઉપસાવવાની રજૂઆતની શક્તિ છે. આ તેમનો ત્રીજો સંગ્રહ છે.

આ સંગ્રહમાં સાહિત્યકારો, ચિત્રકાર, પક્ષીવિદ્, વિજ્ઞાની, સામાજિક – રાજકીય – સાંસ્કૃતિક કે ધાર્મિક ક્ષેત્રની વ્યક્તિઓનું આલેખન થયું છે. કુલ ૨૧ ચરિત્રોમાં ત્રણ ગુજરાતના છે : હરિશ્ચંદ્ર ભટ્ટ, યશવંત પંડ્યા, એચ. એમ. પટેલ, અગિયાર ભારતના છે : અમૃતા પ્રીતમ, ડૉ. મુલ્કરાજ આનંદ, હરિવંશરાય બચ્ચન, ગુરુદત્ત, રાજરાજેશ્વર-પ્રસાદ ભાર્ગવ, જગદીશ સ્વામીનાથન, સલીમ અલી, કમલાબાઈ હોસ્પેટ, વી. વી. એસ. અય્યર, સુબ્રહ્મણ્ય ભારતી, પ્રભુપાદ, તો સાત વિદેશી છે : જ્યોર્જ ઓરવેલ, ક્રિસ્થનિસ બેરન્સ, યહેન નુમાતા, માઈક મિલ્કન, ગુર્જિએફ, જોન બુચન અને કપિત્ઝા. લેખનનું નિમિત્ત સામાન્યપણે મૃત્યુ છે. પરંતુ માત્ર મૃત્યુનોંધ બનવાને બદલે ઘણા લેખો ચરિત્રનિબંધો કક્ષાના બન્યા છે. લેખકે પસંદ કરેલાં વ્યક્તિત્વો પ્રમાણમાં વિખ્યાત છે, પરંતુ કેટલાંક ઘણું મહત્ત્વનું પ્રદાન કરનાર પણ અલ્પપરિચિતો પણ છે.

લેખકની નજર જે તે વ્યક્તિનો ગુણવિશેષ તારવી આપવા ઉપર છે. તે કેટલા પ્રેરક છે તેના પર તેમનો ભાર છે. વળી આવાં વ્યક્તિત્વો ભારતીય હોવા છતાં ઘણા ગુજરાતી વાચકો તેનાથી અપરિચિત હશે તે ભાવનાથી આલેખન થયું છે. વિદેશી વ્યક્તિત્વો તેમના વ્યક્તિત્વ કે પ્રદાનની અસાધારણતા ઉપસાવવા આકારિત થયાં છે. દા.ત. માઈક મિલ્કનને જીવલેણ રોગ કેન્સર હોવા છતાં તેમણે કેન્સર સામે લડતા રહીને કેવું પ્રદાન કર્યું તે ઉપસાવવા ઉપર લેખકનો ભાર છે.

લેખકની વર્ણનની રીત છે – પરિવાર, ઉછેર, શિક્ષણ, જીવનકાર્યનો પરિચય આપતાં આપતાં, તેમના સાહિત્ય કે લેખનમાંથી મહત્ત્વનાં અવતરણો ટાંકતાં જઈ કે તેમને વિશે અન્ય વ્યક્તિઓએ આપેલાં અવલોકનો યથાસ્થાને મૂકતાં જઈ તેમના વ્યક્તિત્વને અને પ્રદાનને રજૂ કરવું. કમલાબાઈ હોસ્પેટ નાની વયે વિધવા થયાં, શિક્ષણ નહિવત, પરંપરાગત ખ્યાલોમાં જકડાયેલા કુટુંબમાંથી તેમણે કઈ રીતે 'માતૃ સેવા સંઘ' સુધીની યાત્રા કરી તેનો આલેખ આપ્યો છે. લેખક તેમના દુર્ભાગ્યને આમ રજૂ કરે છે. આ રીત પણ આકર્ષક અને સબળ છે : 'સામાન્યતઃ સોળ વર્ષે જીવનસમજ ખીલે, અરમાનો-આશાઓ પાંગરે, લગ્નજીવનનો ખ્યાલ દૃઢ બને, દામ્પત્યજીવનને સુમધુર બનાવવાનાં શમણાં ફૂટે. પરંતુ કમલાબાઈના ભાગ્યમાં આમાંનું કાંઈ નહોતું.' (પૃ. ૧૦૫) શ્વશુર-ગૃહ છોડવાનું વર્ણન આમ કર્યું છે : 'માત્ર હોસ્પેટ અટક સાથે કમલાબાઈએ શ્વશુર-ગૃહ છોડી પિયર આવીને પુનઃ માતાના સાન્નિધ્યમાં નવી જિંદગીનો આરંભ કર્યો.' (પૃ. ૧૦૬) તેમની કાર્યભાવના આમ નોંધી છે : '(પરિચારિકાઓ) રાત કે દિવસ જોયા વગર સતત કામ કરતી રહેતી. નર્સિંગ એમને મન ઘરકામ સમાન હતું.' (પૃ. ૧૧૨) તેમના શિક્ષણનું મૂલ્યાંકન આવી રીતે થયું છે, 'યુનિવર્સિટી કક્ષાએ તો નહિ, પણ શાળાકીય ક્ષેત્રનું શિક્ષણ પણ નહિ પામી શકનાર આ સન્નારીને નાગપુર યુનિવર્સિટીએ માનથી નાગપુર યુનિવર્સિટી કોર્ટના માનવંતા સભ્ય તરીકે નીમ્યાં.' (પૃ. ૧૧૨)

સાહિત્યસર્જકો કે પ્રમાણમાં પરિચિતોમાં લેખકનો લગાવ અને આદર વિગતોને વ્યક્તિત્વમાં ઓગાળી શક્યો છે. અમૃતા પ્રીતમ, બચ્ચન, યશવંત પંડ્યા, સુબ્રહ્મણ્ય ભારતી, સલીમ અલી કે એચ. એમ. પટેલના આલેખનમાં એનો અનુભવ થાય છે. કેટલાંક નિરીક્ષણો એનાં દૃષ્ટાંતરૂપ છે :

'અમૃતાએ કલમ પકડી અને આજીવન એનો સાથ ન છોડ્યો. જાણે એ જ સાથી બની રહી !' (પૃ. ૩)

'સંઘર્ષ જ જીવન બન્યું હતું. આ સંઘર્ષ સામે યોદ્ધા બનવાનું જ એમણે મુનાસિબ માન્યું છે... હરિવંશરાય બચ્ચનની કવિતા આત્માનુભૂતિની કવિતા છે. એમની કાવ્યયાત્રા એમના જીવન સાથે જ ચાલી છે.' (પૃ. ૨૧)

'યશવંત પંડ્યા સાહિત્યના, સાહિત્યકારના ચાહક હતા તો મનુષ્ય માત્રના ચાહક હતા. વ્યક્તિ કોઈ પણ ક્ષેત્રની હોય, કોઈ પણ વર્ગની હોય એમની ચાહનામાં ક્યાંય ઓટ આવતી નહિ. આથી જ એ સહુના પ્રિય હતા.' (પૃ. ૫૨)

'(સલીમ અલી) આ વિશ્વવિખ્યાત પક્ષીવિદે આજીવન પક્ષીઓના અધ્યયનમાં જીવન પસાર કરીને, પક્ષીઓ વિશેની સાચી સમજ ભારતને અને વિશ્વને આપી.' (પૃ. ૮૬)

'૧૯૩૯માં (પત્ની) તહેમીના જન્નતનશીન થયાં. સલીમ અલીએ બીજું લગ્ન ન કર્યું. પછી એમની લગન પક્ષીઓ સાથે રહી.' (પૃ. ૮૮)

'વિશ્વવિખ્યાત થયા છતાંય સલીમ અલીને એનો ભાર ન લાગ્યો. પ્રતિષ્ઠાથી એ પામર ન બન્યા. ક્યારેક તો બાળક જેવા લાગે ! ભલા, ભોળા, નિર્દોષ અને નિખાલસ !' (પૃ. ૯૦)

સલીમ અલીના ગુસ્સા વિશેનો એક પ્રસંગ બહુ જ રમૂજપ્રેરક છે તે લેખકે નોંધ્યો છે : 'ક્લાર્ક વેણુગોપાલ પત્રો પોસ્ટ કરવાનું ભૂલી ગયો. સલીમ અલીને એની જાણ થઈ તો ગુસ્સામાં એના માથા પર શાહીની આખી શીશી ઢોળી દીધી. વેણુગોપાલ સ્તબ્ધ ! અને સલીમ અલીનો ચહેરો લાલચોળ ! પરંતુ એમના ગુસ્સાનું આયુષ્ય અતિઅલ્પ રહેતું. જે દિવસે વેણુગોપાલના શિરે શાહી રેડી, તે જ દિવસે એના ઘરે જઈને ક્ષમા માગી અને ટિકિટની એક થોકડી ભેટ આપી. વેણુગોપાલને ટિકિટસંગ્રહ કરવાનો શોખ હતો.' (પૃ. ૯૦)

એચ. એમ. પટેલ વિશે – 'એમના જીવનમાં ઘટનાઓનું બાહુલ્ય નહોતું એમ નહિ, છતાંય ઘટનાઓ વચ્ચે એ ક્યાંય અટવાઈ ગયેલા નહોતા. એમનું વ્યક્તિત્વ નીતર્યાં, નીર જેવું સ્વચ્છ હતું. એ રીતે એ સ્વયં એક ઘટના સમા હતા.' (પૃ. ૧૬૬) 'એ આગ્રહી હતા, પરંતુ હઠાગ્રહી તો નહોતા જ.' (પૃ. ૧૭૧)

'(સુબ્રહ્મણ્ય) ભારતીની પ્રતિભા તો છે ઊર્મિ કવિની. એમનાં ગીતો અર્વાચીન તમિળ સાહિત્યના વિકાસનું પગથિયું છે.' (પૃ. ૧૩૭)

યેહન નુમાતાનું માઈક્રોમીટર બનાવવાનું કાર્ય આ રીતે નિરૂપાયું છે : 'એ કામ અંધારામાં આંધળી દોટ મૂકવા સમાન હતું. પરંતુ યેહન નુમાતાએ પોતાનો માર્ગ આંકી જ રાખ્યો હતો.' (પૃ. ૯૮) 'અપાર ધૈર્ય અને સતત પરિશ્રમ બાદ એમણે હાથ ધરેલું આ કાર્ય પરિપૂર્ણ થયું. વિશ્વસનીય માઈક્રોમીટરનું એમણે અંતે સફળતાપૂર્વક સર્જન કર્યું. એક વ્યક્તિની ધગશ, મહેનત

અને શ્રદ્ધાનું એ સુફળ હતું. (પૃ. ૯૯)

વિજ્ઞાનીઓ, શોધકો, તજ્જ્ઞોના કાર્યનો પરિચય આપવા માટે લેખક અનેક વિગતો અને ઘટનાઓ રજૂ કરે છે. ગુર્જએફ, જોન બુચન, કમિત્ઝા, ગુરુદત્ત, ક્રિસ્થનિસ બેરન્સમાં વિગતો પ્રાધાન્ય ભોગવે છે. પ્રભુપાદ વિશેનો લેખ અભ્યાસલેખ ગણી શકાય તેવો છે.

પ્રફુલ્લ રાવળને અભિવ્યક્તિ અનાયાસ છે. વ્યક્તિત્વની ખૂબીઓનો પરિચય આપવામાં ભાષાનો તેમને સહજ સાથ હોય છે. ઉપર આપેલાં દૃષ્ટાંતો એના નમૂનારૂપ છે. તેઓ ઇચ્છે ત્યાં લાઘવથી વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ ઉપસાવી શકે છે. કેટલીકવાર તેઓ પત્રો, રોજનીશી, વ્યાખ્યાન કે પ્રશ્નોત્તરીના અંશોનો પણ સફળ વિનિયોગ કરીને વ્યક્તિત્વની અજાણ બાજુઓને ખોલે છે.

પ્રફુલ્લ રાવળ ચરિત્ર નિબંધમાં સ્વીકૃત લેખક છે, પુરસ્કારાયા પણ છે. ‘નહિ વિસરાતા ચહેરા’ના ચરિત્રનિબંધોમાંથી કેટલાક ખૂબ ઘાટીલા અને સ્મરણીય બની શક્યા છે. આ એકવીસ વ્યક્તિત્વો અનેક રીતે આકર્ષક બની શક્યાં છે. તેમના જીવનની ખૂબીઓ પ્રેરક છે તેમ હૃદયંગમ પણ છે. આ સઘળાં માટે લેખક અભિનંદનના અધિકારી છે.